# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-11-2024** **MIDDAY : 2.30 to 2.35pm**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક  આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## CABINET MEET

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે મંત્રીમંડળની બેઠક મળી હતી. જેમાં રાજ્ય સરકારના નીતિગત વિષયો ઉપરાંત આગામી આયોજનો અંગે ચર્ચા તેમજ સમીક્ષા કરવામાં આવી. બેઠકમાં ખ્યાતિ હૉસ્પિટલ વિવાદ અને આ મુદ્દે આરોગ્ય વિભાગે લીધેલા પગલા, રાજ્યમાં મગફળીની ટેકાના ભાવે ખરીદી, ખાતરની અછત, ઉપરાંત કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ, રાજકીય ઘટનાઓ અંગેની ચર્ચા થઈ હતી. આ બેઠકમાં અગામી ત્રણ દિવસ યોજનારી ચિંતન શિબિર અંગે પણ ચર્ચા કરાઈ હોવાનું અમારા પ્રતિનિધિ જણાવે છે.

---------------------------

## PATAN - PANI NIKAL YOJANA

રાજ્ય સરકારે પાટણ નગરપાલિકાની રજૂઆત બાદ 25 કરોડ 52 લાખ રૂપિયાની કિંમતની વરસાદી પાણી નિકાલ યોજનાને મંજૂરી આપી છે. આ બજેટમાંથી 21 કરોડ રૂપિયા નેટ કામગીરી માટે અને બાકીનું GST અને આકસ્મિક ખર્ચમાં સમાવેશ થાય છે. યોજનામાં આઠ નિર્ગમ, 38 લાખ 14 હજારના ખર્ચે કેનાલ, 4 કરોડ 58 લાખ રૂપિયાના ખર્ચે રોડ નવીનીકરણ અને પિતામ્બર તળાવથી સરસ્વતી નદી સુધી એક કરોડ 15 લાખ રૂપિયાના ખર્ચે રાઈઝિંગ મેઈન નાખવાની કામગીરી થશે. ઉપરાંત પમ્પિંગ મશીનરી અને પીતાંબર તળાવ પાસે પમ્પહાઉસ તૈયાર કરાશે.

નગરપાલિકાનાં પ્રમુખ અને ટીમે ગત વર્ષે પ્રાદેશિક અધિક્ષક કચેરીમાં આ અંગે રજૂઆત કરી હતી. ત્યારબાદ ગુજરાત શહેરી વિકાસ કંપની દ્વારા પરામર્શક મારફતે ડીપીઆર એટલે કે, વિસ્તૃત પરિયોજના અહેવાલ તૈયાર કરીને સરકારને રજૂઆત કરતાં આ બજેટ મંજૂર કરાયું છે.

-----------------------------------

## MEHSANA ACCIDENT

મહેસાણા-અમદાવાદ રાજમાર્ગ પર 2 ટ્રક વચ્ચે અકસ્માત થતાં ટ્રકચાલકનું મોત નીપજ્યું છે. મળતી માહિતી અનુસાર, આગળ જતાં ટ્રકનું ટાયર ફાટતાં પાછળથી આવી રહેલા ટ્રક તેની સાથે અથડાતા આ અકસ્માત સર્જાયો હતો. દરમિયાન એક વ્યક્તિનું મોત નીપજ્યું છે. મહેસાણા અગ્નિશમન દળે ટ્રકમાંથી મૃતકનો મૃતદેહ બહાર કાઢ્યો હતો.

--------------

## JAMNAGAR - MUNICIPAL KARYAVAHI

જામનગર મહાનગરપાલિકા દ્વારા સાધના કૉલોની એલ 44 બ્લૉકમાં આવેલા 12થી વધુ જર્જરિત આવાસ તોડી પાડવામાં આવ્યા છે. અગાઉ આ જ વિસ્તારમાં જર્જરીત મકાન ધરાશાયી થતાં એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું. તેને જોતાં મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા, ટીપીઓ

શાખા અને અગ્નિશમન શાખાએ આવાસ તોડી પાડવાની કામગીરી કરી હતી. આ અંગે એસ્ટેટ વિભાગના અધિકારી દિક્ષીતભાઈએ માહિતી આપી હતી.

**(બાઈટ- દિક્ષીતભાઈ, એસ્ટેટ વિભાગના અધિકારી)**

---------

## SURAT FIRE

સુરતના વરાછા ફૂલપાડા વિસ્તારમાં આવેલા એક કૉમ્પ્લેક્સમાં આગ લાગી હતી. સુરતનાં અમારા પ્રતિનિધિ લોપા દરબાર જણાવે છે કે, ઘરમાં ગેસના બાટલામાં ધડાકો થતાં સાત લોકો દાઝી ગયા છે. જોકે, અગ્નિશમન દળે આગ પર કાબૂ મેળવી લીધો છે. જ્યારે દાઝી ગયેલા તમામ લોકોને સારવારઅર્થે ખાનગી હૉસ્પિટલ ખસેડાયા છે.

----------------------------

## DAMAN TENNIS TOURNAMENT

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં યોજાયેલી 68મી રાષ્ટ્રીય શાળા રમતગમત બૉય્ઝ એન્ડ ગર્લ્સ ટેબલટેનિસ સ્પર્ધામાં તેલંગાણા અને પશ્ચિમ બંગાળની ટીમે સુવર્ણ ચંદ્રક જીત્યો છે.

કરાડ પૉલિટેક્નિક કૉલેજ પરિસરમાં આયોજિત આ સ્પર્ધામાં પ્રથમ તબક્કાની રમતમાં બોય્ઝની સ્પર્ધામાં તેલંગાણા અને ગર્લ્સની સ્પર્ધામાં પશ્ચિમ બંગાળની ટીમે સુવર્ણ ચંદ્રક મેળવ્યો છે. 17 વર્ષથી ઓછી વયના ખેલાડીઓની આ સ્પર્ધામાં વિવિધ 33 રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને એકમોના 462 જેટલા સ્પર્ધક ભાગ લઈ રહ્યા છે. ઉપરાંત બૉય્ઝની ટીમમાં મહારાષ્ટ્ર, ગર્લ્સની ટીમમાં તમિલનાડુના ખેલાડીઓએ રજત ચંદ્રક જીત્યો છે.

.................

## MEHSANA DIGITAL GRANTH

રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી અંતર્ગત મહેસાણાનાં કેન્દ્રીય અનામત ગ્રંથ ભંડાર ખાતે દુર્લભ ગ્રંથોનું પ્રદર્શન યોજાયું હતું. જેમાં વિવિધ ભાષાઓના 17 હજાર ગ્રંથોનું પ્રદર્શન યોજાયું હતું. આ પ્રસંગે મદદનીશ ગ્રંથાલયના નિયામક ડૉ. જયરામ દેસાઈએ જણાવ્યું કે 17 હજારથી વધુ દુર્લભ ગ્રંથો રાજ્યની ધરોહર છે. આ દુર્લભ ગ્રંથોના વારસાની મૂળ નકલ સુરક્ષિત કરવા તમામ ગ્રંથોની ડિજીટલ નકલ તૈયાર કરાઈ રહી છે. વધુમાં તેમણે ઉમેર્યું કે આ અંગેની એક વેબસાઇટ તૈયાર કરાશે.

--------------

## MEHSANA - PASHU VACCINATION

મહેસાણા જિલ્લા પશુપાલન વિભાગ દ્વારા જિલ્લાના 90 ટકા જેટલા પશુઓનું રસીકરણ પૂર્ણ કરાયું છે. જે અંતર્ગત જિલ્લાના 6 લાખ, 72 હજાર, 270 દુધાળા પશુઓને ખરવા મોવાસા રસી આપવામાં આવી. પશુપાલન વિભાગ દ્વારા અત્યાર સુધીમાં 6 લાખ, 90 હજાર, 400 જેટલા રસીના ડોઝ આપવામાં આવ્યા હતા. આ રસીકરણ ઝુંબેશમાં પશુપાલન વિભાગ તેમજ તાલુકા પ્રમાણે નોડલ નિરીક્ષક તેમજ દૂધ સાગર ડેરીના કર્મચારીઓ જોડાયા હતા.

----------------------------

## PANCHMAHAL SAHAY

**પંચમહાલ જિલ્લામાં પાક નુકસાનીના વળતર પેટે ખેડૂતોને 21 કરોડ 35 કરોડ રૂપિયા જેટલી રકમ ચૂકવવામાં આવી છે. જિલ્લામાં ગત ઑગસ્ટ મહિનામાં અતિવૃષ્ટિના કારણે વાવેતરલાયક પોણા 2 લાખ હેક્ટર વિસ્તારમાં કરાયેલા ખરીફ મોસમના પાકને નુકસાન થયું હતું. ત્યારબાદ જિલ્લા ખેતીવાડી વિભાગે સરવે કરતાં 50 હજાર હેક્ટરથી વધુના વિસ્તારના ખેતરોને નુકસાન થયાનું જણાયું હતું.**

**સરકારે રાહત પેકેજ જાહેર કરતાં પંચમહાલના 29 હજારથી વધુ ખેડૂતોએ નુકસાનના વળતર માટે અરજી કરી હતી, જે ખેતીવાડી વિભાગે મંજૂર કરી હતી. આ મંજૂરી બાદ ખેડૂતોને સહાયની રકમ તેમના સીધા જ ખાતામાં જમા કરવામાં હતી.**

----------------------------